# મા નર્મદા મૈયાની આરતીમાં સહભાગી થતા મુખ્યમંત્રી



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તા.૧૯ થી ૨૧ મે દરમિયાન નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે રાજ્ય સરકારની ૧૦મી ચિંતન શિબિર યોજાઈ રહી છે. આ શિબિર ના પ્રથમ દિવસને અંતે સંધ્યા કાળે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો, સનદી અધિકારીઓ રેવા તટે ગોરા ઘાટ ખાતે મા નર્મદા મૈયાની આરતીમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ શંખનાદ, ડમરૂ, દીવડાઓની જ્યોત, દીપ, ગૂગળ ધૂપ સાથેના ભક્તિપૂર્ણ માહોલમાં આરતી કરવા સાથે ગુજરાતના ઉત્તરોત્તર વિકાસ અને ગુજરાતીઓની સુખાકારીની ભાવપૂર્વક કામના કરી હતી.

ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર અને નર્મદાષ્ટકના સુમધુર શ્લોકગાન વચ્ચે મુખ્યમંત્રીશ્રીએ નર્મદા મૈયાની પૂજા-અર્ચના કરી હતી.

આ વેળાએ નર્મદા નદીમાં વિશેષ તૈયાર કરાયેલા શિવ તાંડવ સ્ત્રોત અને લાઈટ સાઉન્ડ શો નિહાળીને સૌએ ધન્યતા અનુભવી હતી.

આમ, પ્રથમ દિવસની ચિંતન શિબિરના વિવિધ કાર્યક્રમો બાદ સંધ્યા ટાણે મુખ્યમંત્રીશ્રી સહિત "ટીમ ગુજરાત"એ ગોરા ઘાટ ખાતે યોજાતી નર્મદા મૈયાની દૈનિક આરતીનો આસ્થાપૂર્વક ધર્મલાભ મેળવ્યો હતો.

# એકતાનગર ખાતે નજરાણા સમાન જંગલ સફારી સહિત વિવિધ પ્રકલ્પોનો નજારો માણ્યો



ગાંધીનગર, તા.૨૦

એકતાનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં યોજાઈ રહેલી દસમી ચિંતન શિબિરના બીજા દિવસે પ્રભાત વેળાએ રાજ્ય સરકારના વરિષ્ઠ મંત્રીશ્રીઓ, સચિવશ્રી સહિત વિવિધ જિલ્લાના સનદી અધિકારીશ્રીઓએ વૈશ્વિક ધરોહર સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતેના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. મહેમાનોએ સુંવાળા સૂર્યોદયના શાંત વાતાવરણમાં એકતાનગર ખાતેના પ્રખ્યાત પર્યટન સ્થળ સરદાર વલ્લભભાઈ પટેલ ઝૂલોજીકલ પાર્ક-જંગલ સફારીનો અદભુત નજારો માન્યો હતો. પક્ષીઓના સુમધુર કલરવથી મંત્રમુગ્ધ થતા સૌ મહેમાનોને ઈન્ચાર્જ નાયબ વન સંરક્ષકશ્રી ડો.રામ રતન નાલાએ પ્રેમાળ અને લાગણીશીલ પ્રાણી-પક્ષીઓની લેવામાં આવતી કાળજી, આરોગ્ય અને સુરક્ષા અંગે સૌ મહેમાનોને વાકેફ કર્યા હતા. જંગલ સફારીમાં દેશ-વિદેશના પક્ષી-પ્રાણીઓને નિહાળતા મહેમાનોએ મકાઉ પોપટ, ડુમખલ પોપટ સહિત સુડો પોપટ (શુલપાણેશ્વર પહાડી પોપટ) સાથે લાગણીશીલ ક્ષણો વ્યતિત કરીને પક્ષીઓને ગમતી વાનગી ખવડાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન અને દિશા નિર્દેશમાં ફક્ત ૮ મહિનાના ટુંકા ગાળામાં 'શ્રીયંત્ર' ના આકારના યુનિક કોન્સેપ્ટ સાથે ડિઝાઈન કરવામાં આવેલ નિર્માનાધિન મેઝ (ભુલભુલૈયા) ગાર્ડનની સૌ મહેમાનોએ પણ મુલાકાત લીધી હતી. માનવામાં આવે છે કે શ્રીયંત્ર વાતાવરણમાં પોઝિટિવ એનર્જી એટલે કે હકારાત્મક ઊર્જાનું સંચાર કરે છે.

# ખેડૂતોને યોગ્ય ભાવ મળશે તો હું બાબાને વંદન કરીશ: દૂધાત

## ધીરેન્દ્ર શાસ્ત્રીના સમર્થકે પ્રતાપ દૂધાતને કર્યો કોલ : કોઈ પણ અંધશ્રદ્ધા ફેલાવાવતું હોય તો આંખમાં આંખ નાખીને વાત કરીશ

અમદાવાદ, તા.૨૦

બાગેશ્વર ધામના પીઠાધિશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રી ગુજરાતમાં આવી રહ્યા છે, ત્યારે અહી સતત આ મુદ્દો ચમકી રહ્યો છે. ધીરેન્દ્ર શાસ્ત્રીના અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં દિવ્ય દરબાર ભરાવા જઈ રહ્યા છે. ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમને લઈને ભારે ચર્ચાઓ વચ્ચે વિવાદનો મધપૂડો પણ છેડાયો છે. એક તરફ ધીરેન્દ્ર શાસ્ત્રીનું સમર્થન થઈ રહ્યું છે તો બીજી તરફ ધીરેન્દ્ર શાસ્ત્રીનો વિરોધ થઈ રહ્યો છે. ત્યારે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યએ ધીરેન્દ્ર શાસ્ત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેઓએ લખ્યું છે કે ધીરેન્દ્ર શાસ્ત્રી કપાસના ભાવ ૨૪૦૦ ક્યારે થશે એટલું દિવ્ય શક્તિથી કહે. આ ઉપરાંત હાલ સોશિયલ મીડિયા પર કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાત અને ધીરેન્દ્ર શાસ્ત્રીના સમર્થક અમિત નામના વ્યક્તિની એક ઓડિયો ક્લિપ પણ ઝડપથી વાયરલ થઈ રહી છે. ધીરેન્દ્ર શાસ્ત્રીને લખેલા પત્ર બાદ ધીરેન્દ્ર શાસ્ત્રીના સમર્થક અમિત નામના વ્યક્તિએ પ્રતાપ દૂધાતને કોલ કર્યો હતો. બંન્ને વચ્ચે થયેલી વાતચીતની ઓડિયો ક્લિપ થઈ વાયરલ છે. જેમાં બાગેશ્વર ધામના અનુયાયી અમિતભાઈ પ્રતાપ દુધાતને કહી રહ્યા છે કે, તમારે લોક દરબારમાં આવીને પ્રશ્ન કરવો જોઈએ. તેઓ કહી રહ્યા છે કે, તમે પાદરી અને મૌલવીઓનો વિરોધ કેમ નથી કરતા? જ્યારે તેમના જવાબમાં પ્રતાપ દૂધાત કહે છે કે, મેં કોઈ ધર્મનો વિરોધી નથી કર્યો, મેં માત્ર ખેડૂતને યોગ્ય ભાવ મળે તે માટે પત્ર લખ્યો છે અન્ય કોઈ જ સવાલ કર્યો નથી. આ વાતચીતમાં અમિતભાઈ કહી રહ્યા છે કે, તમારે બાબાના દરબારમાં પ્રશ્ન પૂછવો જોઈએ, જેથી તમને યોગ્ય જવાબ મળી શકશે. આ પછી દૂધાત જણાવે છે કે, ખેડૂતોને યોગ્ય ભાવ મળે તો હું બાબાને વંદન કરીશ. એટલું જ નહીં મોટી સંખ્યામાં ખેડૂત સાથે બાબાને વંદન કરીશ. ધીરેન્દ્ર શાસ્ત્રી કપાસના ભાવ ૨૪૦૦ ક્યારે થશે એટલું દિવ્ય શક્તિથી જણાવશે તો હું બાબાના ચરણોમાં વંદન કરીશ. તેઓએ કહ્યું કે, કોઈ પણ અંધશ્રદ્ધા ફેલાવાવતું હોય તો આંખમાં આંખ નાખીને વાત કરીશ. કોઈ પાદરી કે મૌલવીઓ અંધશ્રદ્ધા ફેલાવે તો જણાવજો. સાવરકુંડલાના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દૂધાતે ધીરેન્દ્ર શાસ્ત્રીને પત્ર લખ્યો છે. જેમાં તેઓએ લખ્યું છે કે, આપની દિવ્યશક્તિથી જણાવો કે ગુજરાતના ખેડૂતોને કપાસના ભાવ રૂ.૧૫૦૦માંથી ૨૪૦૦ આ સરકાર ક્યારે આપશે? આપ દ્વારા પરચીઓ ખોલીને આ ગુજરાતની જનતાને જણાવો.

# રૂપિયા ૫૦ની ખરીદી માટે બે હજારની નોટ આપી રહ્યા છે લોકો

## સવારથી જ પેટ્રોલ પંપમાં લોકો બે હજારની નોટો લઈને પેટ્રોલ ભરાવવામાં પહોંચ્યા : શાકભાજી વિક્રેતા પણ ૫૦૦ ની અને ૨૦૦ ની નોટ આપી રહ્યા છે, વેપારીઓનું કહેવું છે કે ૨૦૦૦ ની નોટનું ચલણ ઓછું

અમદાવાદ, તા.૨૦

રાજકોટમાં અલગ અલગ પાનની દુકાનોમાં પણ લોકો ૨,૦૦૦ ની નોટ લઈને આવી રહ્યા છે. ૫૦ કે સો રૂપિયાનો માલ લેવો હોય અને લોકો ૨૦૦૦ ની નોટ કાઢે છે. વેપારીએ કહ્યું ૨૦૦૦ ની નોટના છૂટા કેમ આપવા. ૨૦૦૦ ની નોટ અત્યાર સુધી માર્કેટમાં દેખાતી નહોતી પરંતુ ગઈકાલ રાતથી મોટી સંખ્યામાં ૨૦૦૦ ની નોટ દેખાઈ રહી છે. સુરતમાં ૨૦૦૦ ની નોટને લઈ જાહેરાત થતા સવારથી રાજ્યમાં કંઈક અલગ માહોલ જોવા મળી રહ્યો છે. સુરત છઁસ્ઝ માર્કેટ માં પેમેન્ટને લઈ માહોલ બદલાયો છે. શાકભાજી વેચવા આવનાર ખેડૂતો ૨૦૦૦ ની નોટને બદલે ૫૦૦ ની નોટ મળે તેવો આગ્રહ રાખી રહ્યા છે. ગામડામાં ૨૦૦૦ ની નોટના છુટ્ટા મળતા નથી તેવી કેફિયત રજુ કરાઈ છે. છઁસ્ઝ શાકભાજી વિક્રેતા પણ ૫૦૦ ની અને ૨૦૦ ની નોટ આપી રહ્યા છે. વેપારીઓનું કહેવું છે કે ૨૦૦૦ ની નોટનું ચલણ ઓછું છે. એકલ દોકલ ૨૦૦૦ ની નોટમાં વ્યવહાર થાય છે. અત્યારે ખેડૂતો ૨૦૦૦ ની નોટના બદલે ૫૦૦ ની નોટનો આગ્રહ રાખે છે. રાજકોટના અલગ અલગ પેટ્રોલ પંપમાં ૨૦૦૦ની નોટો ઢગલાબંધ આવવા લાગી છે. ગઈકાલ સાંજથી અત્યાર સુધીમાં લાખો રૂપિયાની ૨૦૦૦ ની નોટ આવી છે. મોટાભાગના લોકો ૨,૦૦૦ ની નોટ લઈને જ પેટ્રોલ ડીઝલ પુરાવી રહ્યા છે. મોટાભાગના વાહનચાલકો ૨૦૦૦ ની નોટ લઈને આવી રહ્યા છે.

ડિજિટલ પેમેન્ટ અને અન્ય ચલણનો પણ લોકો ઓછો ઉપયોગ કરી રહ્યા છે. એ તો બધાને યાદ છે કે,નવેમ્બર ૨૦૧૬ માં નોટબંધી બાદ કેટલાક મહિનાઓ સુધી દેશમાં ઘણી અરાજકતા સર્જાઈ હતી. જૂની નોટો જમા કરાવવા અને નવી નોટો મેળવવા લોકોને બેંકોમાં લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડ્યું હતું.

તો બીજી તરફ ગઈકાલે બે હજારની નોટ બંધ થવાની જાહેરાત થતા આજે સવારથી જ રાજ્યના પેટ્રોલ પંપમાં લોકો બે હજારની નોટો લઈને પેટ્રોલ ભરાવવામાં માટે જઈ રહ્યા છે.

તો બીજી તરફ નાના વેપારીઓ બે હજારની નોટ લેતા અચકાતા જોવા મળી રહ્યા છે.

# વીજ કંપનીની પરીક્ષામાં ગેરરીતિ, બે આરોપીઓની ધરપકડ કરાઈ

## વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષામાં ગેરરીતિમાં કુલ ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે, આ પરીક્ષા વર્ષ ૨૦૨૨-૨૦૨૧માં યોજાઈ હતી

સુરત, તા.૨૦

ગુજરાતમાં વધુ એક પરીક્ષામાં ગેરરીતિનો પર્દાફાશ થયો છે. ગુજરાતની વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષામાં ગેરરીતિ થઈ હોવાનું સામે આવતા સુરત ક્રાઈમ બ્રાન્ચે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પરીક્ષામાં થયેલી ગેરરીતિનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે.સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષાઓમાં ગેરરીતિ કરનારા બે ઝડપાયા છે. આ મામલે ક્રાઈમ બ્રાન્ચના હ્રઝ્ર રૂપલ સોલંકી પ્રેસ કોન્ફરન્સ યોજીને માહિતી આપી છે.આ મામલે હ્રઝ્ર રૂપલ સોલંકીએ માહિતી આપતા જણાવ્યું છે કે, સુરત ક્રાઈમ બ્રાન્ચનાઁ ફરિયાદી બન્યા છે. ઈન્દ્રવદન પરમાર, ઓવેશ કાપડિયાની ધરપકડ કરવામાં આવી છે. વીજ કંપનીની ઓનલાઈન પરીક્ષામાં ગેરરીતિમાં કુલ ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. આ પરીક્ષા વર્ષ ૨૦૨૨-૨૦૨૧માં યોજાઈ હતી. પરીક્ષા રાજ્યના વિવિધ સેન્ટરોમાં લેવાઈ હતી. માત્ર સુરત જ નહીં અમદાવાદ, વડોદરામાં પણ ગેરરીતિ આચરવામાં આવી હતી. બે પરીક્ષા કેન્દ્રોમાં ગેરરીતી આચરવામાં આવી હતી.આ કેસમાં અનિકેત ભટ્ટ અને ભાસ્કર ચૌધરી હજુ વોન્ટેડ છે. તેઓ ઉમેદવારોનો અગાઉથી જ સંપર્ક કરી લેતા હતા. આ ટોળકીએ કયા કયા લાભાર્થીઓનો સંપર્ક કર્યો તેની તપાસ ચાલુ છે. ઈન્દ્રવદન પરમાર, ઓવેશ કાપડિયાની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

## ભગવાન જગન્નાથની રથયાત્રામાં પ્રથમ વખત પ્રયોગ

# રથયાત્રામાં થ્રીડી મેપિંગ-વર્ચ્યુઅલ રિયાલિટી પ્રોજેક્ટનો ઉપયોગ થશે

## રથયાત્રા દરમિયાન રથ ક્યાં પહોંચ્યો? કઈ જગ્યાએ શું મુશ્કેલી સર્જાઇ એ તમામ વિગતો પોલીસ જાણી શકશે

અમદાવાદ, તા.૨૦

ભગવાન જગન્નાથની રથયાત્રામાં પ્રથમ વખત આ વર્ષે થ્રીડી મેપિંગ અને વર્ચ્યુઅલ રિયાલિટી પ્રોજેક્ટનો ઉપયોગ કરીને પોલીસ પળેપળની માહિતી કંટ્રોલરૂમમાં બેઠા બેઠા એક ક્લિકથી મેળવશે.

આગામી ૨૦ જૂને અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રા નીકળનાર છે. રથયાત્રા દરમિયાન રથ ક્યાં પહોંચ્યો? કઈ જગ્યાએ શું મુશ્કેલી સર્જાઇ એ તમામ વિગતો જાણવા માટે આ વખતે પોલીસને કોઈ તકલીફોનો સામનો નહીં કરવો પડે.

રથયાત્રા દરમિયાન પોલીસ સાથે એક ટેકનોલોજી કામ કરતી હશે. જેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વર્ચ્યુઅલ રિયાલિટી તરીકે ઓળખવામાં આવે છે. અમદાવાદની અનંત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માથા પર લાઈવ સ્ટ્રિમિંગ કેમેરા સાથે રથયાત્રા રોડ પર હશે અને તેઓ ફીડ કેપ્ચર કરશે. આ તમામ ફીડ લાઈવ ટેલિકાસ્ટ પોલીસ કંટ્રોલ રૂમમાં થશે અને કોઈ પણ છેડેથી સોફ્ટવેર મારફતે પોલીસ ક્યા ખૂણે શું કામ કરી રહી છે તે જાણી શકાશે.

રથયાત્રા દરમિયાન ભજન મંડળીઓ શણગારેલા ટ્રક, અખાડાઓની સુરક્ષા અને ટ્રાફિક નિયમનની સૌથી મહત્વની જવાબદારી હોય છે. દર વખતે અનુભવના આધારે પોલીસ પોતાની કામગીરીમાં કંઈકને કંઈક ઉમેરો કરતી હોય છે.

આ વખતે પોલીસના અનુભવની સાથે ટેકનોલોજી પણ તેમની મદદ કરશે. ૩૦ દિવસના ડ્રોન શુટિંગની સાથે અનંત યુનિવર્સિટી અને અમદાવાદ સાયબર ક્રાઈમે ખાસ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે. આ પ્રોજેક્ટથી રથયાત્રાના ખૂણે ખૂણાનું થ્રીડી મેપિંગ થયું છે.

સાયબર ક્રાઈમના ડીસીપી અજીત રાજીયાણે મીડિયાને જણાવ્યું હતું કે, વર્ચ્યુઅલ રિયાલિટીના કારણે પોલીસની કામગીરીમાં ખૂબ જ મદદ મળશે. એટલું જ નહીં થ્રીડી મેપિંગના કારણે ખરેખર જ્યાં જરૂર પડશે ત્યાં જ પોલીસ હશે.

પ્રથમ વખત થ્રીડી મેપિંગ કરાયું છે અને તેનું વર્ચ્યુઅલ થવાના કારણે રથયાત્રાના પળે પળની માહિતી અમને મળશે.

## વિકાસકામો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુકવાની જાહેરાત કરી. ભાજપે વહીવટીય અભિગમમાં બદલાવ કર્યો છે જેથી વિકાસ માટે કોઈને ક્યાંય જવાની જરૂર જ ન પડે. યોજના પ્રેરિત વિકાસ અને યોજના પ્રેરિત બજેટની નીતિના અભિગમ સાથે સૌનો સહયોગ લઈ સૌના વિકાસ કામો હાથ ધરવાની વહીવટીય નીતિ અપનાવી છે. તેમણે જણાવ્યુ હતુ કે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાનો સંકલ્પ છે. જળશક્તિ થકી વિકાસનો આ અભિગમ એ સામાન્ય અભિગમ નથી.

તળાવો ઊંડા કરી જળ સંગ્રહશક્તિ વધારી જળ સંચયને અગ્રતા આપવાના આ અભિગમને કારણે ફલોરાઈડમુક્ત પાણીથી લોકોનો છુટકારો થશે. જળસ્તર ભૂગર્ભના સુધરશે અને આરોગ્ય પણ સુધરશે. તેમણે આ મહત્વપૂર્ણ અભિયાન ખુબજ મહત્વનું પૂરવાર આગામી દિવોસમાં થવાનુ છે તેમ જણાવ્યુ હતુ.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યુ હતુ કે સામુહિક વિકાસના કામોને અગ્રતા આપવામાં આવી રહી છે. તેમણે જણાવ્યુ હતુ કે તેઓ ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરતાં ગૌરવ અનુભવે છે કારણ કે અહિ કાર્યકરો, ધારાસભ્યો સતત વિકાસ માટે પ્રયત્નશીલ છે અને મારા સુધી નાની-મોટી ફરિયાદ પણ પહોંચવા નથી દેતા. આજે મનપામાં ૪૦૦ કરોડના જે કામો છે તે જુઓ તમને ખબર પડે કે સામુહિક વિકાસના કામોને કેટલી અગ્રતા આપવામાં આવી છે. વિકાસનો વિસ્તાર વધ્યો છે વિકાસનો અભિગમ બદલાયો છે વિકાસથી જીવનશૈલી અને વિચારધારાઓમાં પણ પરિવર્તન જોવા મળી રહ્યુ છે.

## ગરમીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન ગરમીનો મિજાજ અત્યંત ઠંડો રહ્યો હતો જેના લીધે મહત્તમ તાપમાન માંડ એકાદ વાર ૪૦ ડીગ્રી ઉપર રહ્યુ હતુ. જયારે હાલ છેલ્લા બે સપ્તાહથી આગ ઓકતી ગરમીએ નગરજનોને બેચેન કરી દીધા છે. આકરી ગરમીના લીધે એ સી અને ફ્રીઝના બજારમાં પણ ગરમાવો આવ્યો છે. જયારે ઉનાળાની બપોરના સુનકાર બાદ ઢળતી સાંજના અંતે જનજીવનમાં અનોખી રોનક જોવા મળે છે રાત્રિના સમયે નગરના આઈસ્ક્રીમ પાર્લરો તેમજ બરફના ગોળાની લારી પર નગરજનો ઠંડા થવા માટે ભીડ લગાવે છે. આકરી ગરમીના લીધે જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. કાળઝાળ ગરમીમાં બપોરના સમયે સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાયેલો રહે છે. જયારે સેકટરોમાં સ્થિત શોપિંગ બજારમાં પણ વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. આજે મહત્તમ તાપમાન એક ડીગ્રી ઉચકાયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૯ ડીગ્રીએ રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૭ ટકા રહેતા દિવસનો બફારો અસહ્ય બન્યો હતો. નગરજનો આકરા તાપની સાથે બફારાથી પણ પ્રભાવિત થયા હતા.

## રશિયા-યુક્રેન

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂ થયા બાદ યુક્રેનના પ્રથમ નાયબ વિદેશ મંત્રી એમિન ઝાપારોવા ગયા મહિને ભારતની મુલાકાતે આવ્યા હતા.

ભારતની પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાતમાં, યુક્રેનના પ્રધાન ઝાપારોવાએ ભારતીય વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીને રાષ્ટ્રપતિ ઝેલેન્સકી દ્વારા પીએમ મોદીને લખેલો પત્ર સોંપ્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, રશિયા-યુક્રેન સંઘર્ષ માત્ર વાતચીત અને રાજદ્વારી દ્વારા ઉકેલી શકાય છે અને "ભારત કોઈપણ શાંતિ પ્રયાસોમાં યોગદાન આપવા તૈયાર છે".

તમે અમારા બધા કરતાં વધુ જાણો છો કે, યુદ્ધની પીડા શું છે. યુક્રેન મારા માટે માનવતાનો મુદ્દો છે. આ બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ હાજર હતા.

પીએમ મોદી ત્રણ દેશના પ્રવાસે ગયા છે. પ્રથમ તબક્કામાં તેઓ ૪૭ સમિટના ત્રણ સત્રોમાં ભાગ લેવા માટે આજે સવારે જાપાનના શહેર જવા રવાના થયા હતા. આ સિવાય અન્ય બે દેશોમાં તેઓ પાપુઆ ન્યૂ ગિની અને ઓસ્ટ્રેલિયાની પણ મુલાકાત લેશે.

## તાજપોશી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેબિનેટની બેઠક થશે અને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વાયદા પૂરા કરવાની કામગીરી કરવામાં આવશે. રાહુલ ગાંધી મંચ પર આવ્યા અને લોકોને સંબોધિત કર્યા. તેમણે એક પછી એક વિરોધ પક્ષોના નેતાઓના નામ લીધા અને પછી બધાનું સ્વાગત કર્યું. રાહુલ ગાંધીએ કહ્યું કે હું કોંગ્રેસ અને મારી તરફથી કર્ણાટકની જનતાનો આભાર માનું છું. તમે કોંગ્રેસને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. હં સમજું છું કે તમે છેલ્લા પાંચ વર્ષમાં કઈ સમસ્યાઓ સુધારી છે.

મીડિયામાં લખવામાં આવ્યું હતું કે કોંગ્રેસ આ ચૂંટણી કેમ જીતી? આ જીતનું એકમાત્ર કારણ એ છે કે કોંગ્રેસ પાર્ટી ગરીબો, દલિતો, આદિવાસીઓ અને પછાત લોકોની સાથે છે. અમારી પાસે સત્ય અને કર્ણાટકના લોકો હતા. ભાજપ પાસે પૈસા, સત્તા અને પોલીસ બધું હતું. પરંતુ કર્ણાટકની જનતાએ તેમની તમામ શક્તિઓ, ભ્રષ્ટાચાર અને નફરતને હરાવી. જેમ આપણે યાત્રા દરમિયાન કહ્યું હતું કે નફરત નાબૂદ થઈ ગઈ છે અને પ્રેમની જીત થઈ છે. ભાજપે કર્ણાટકમાં નફરતના બજારમાંથી ઘણી દુકાનો ખોલી છે.

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે અમે તમને પાંચ વચનો આપ્યા હતા. તેમણે એક પછી એક વચનો યાદ કરાવતા કહ્યું કે અમે ખોટા વચનો આપતા નથી. જે કહીએ છે તે કરીએ છે. કર્ણાટક સરકારની પ્રથમ કેબિનેટ બેઠક એક-બે કલાકમાં થશે. તે બેઠકમાં પાંચેય વચનો અંગે કાયદો બનાવવામાં આવશે.

સરકારનો ઉદ્દેશ્ય આપણા ખેડૂતો, મજૂરો, નાના દુકાનદારો, યુવાનોની સુરક્ષા અને તેમના ભવિષ્યને સુવર્ણ બનાવવાનો છે. કર્ણાટકની જનતાએ કોંગ્રેસને જે સત્તા આપી છે તેને અમે ક્યારેય ભૂલીશું નહીં. આ સરકાર કર્ણાટકની જનતાની છે. અમે તમારા માટે કામ કરવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

આ સમારોહમાં સામેલ થનારા દિગ્ગજોમાં મલ્લિકાઅર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, મહેબૂબા મુફ્તી, સ્ટાલિન, નીતિશ કુમાર અને તેજસ્વી યાદવ, શરદ પવાર, સીતારામ યેચુરી, કમલ હાસન સહિત અન્ય સામેલ છે. જોકે અહેવાલ અનુસાર સ્વાસ્થ્યના કારણોસર સોનિયા ગાંધી આ કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચ્યા નથી. બીજી બાજુ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રીને આમંત્રણ જ આપવામાં આવ્યું નથી.

## પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં દરેક વ્યક્તિ સામેની ફરિયાદોનો ઉલ્લેખ નથી.

મંત્રાલયે કહ્યું કે તેણે એક પત્રકાર ઈવાન ગેર્શકોવિચ માટે કોન્સ્યુલર એક્સેસ માટેની યુએસ વિનંતીને પણ નકારી કાઢી હતી. ઈવાનની જાસૂસીના આરોપમાં માર્ચના અંતમાં ધરપકડ કરવામાં આવી હતી. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા રશિયન પત્રકારોને વિઝા નકારવાના જવાબમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે જેઓ ગયા મહિને સંયુક્ત રાષ્ટ્રમાં વિદેશ પ્રધાન સેર્ગેઈ લાવરોવની મુલાકાતને કવર કરવા માંગતા હતા.

## ફાંસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંને યુવકોને ભારતીય એજન્ટના મર્ડરના આરોપમાં એરપોર્ટ પરથી પકડયા છે. બંને યુવકો ભારત આવી રહ્યા છે. ઈન્ડોનશિયાની કોર્ટે હવે તેમને ફાંસીની સજા ફટકારતા જ ગામમાં ભારે ચિંતાનુ મોજુ પ્રસરી ગયુ છે અને યુવકોના પરિવારજનો રડી રહ્યા છે.

યુવકોના માતા પિતાએ આ માટે એજન્ટોને જવાબદાર ઠેરવ્યા છે અને તેઓ નિર્દોષ હોવાનુ જણાવ્યુ છે.

ભાજપના નેતા મનજિંદર સિંહ સિરસાએ બંને યુવકો નિર્દોષ હોવાનુ કહીને કહ્યુ છે કે, ભારત સરકારે દખલ કરીને ઈન્ડોનેશિયાની સરકારને અપીલ કરવી જોઈએ.

## જામીનપાત્ર વોરંટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જ્યારે ઉમર અંસારી કોર્ટમાં હાજર નહોતો રહી શક્યો.

ઉમર હાજર ન થવાના કારણે આરોપો ઘડી શકાયા ન હતા. ઉમરની ગેરહાજરી અંગે કડક વલણ અપનાવતા કોર્ટે તેની સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ વિધાનસભાની ચૂંટણી દરમિયાન પરવાનગી વિના રોડ-શો કાઢવામાં આવ્યો હતો અને ચૂંટણી જીત્યા બાદ ૧૦ માર્ચે પરવાનગી વિના વિજય સરઘસ કાઢવા બદલ મુખ્તાર અંસારીના બે પુત્રો અબ્બાસ અંસારી અને ઉમર અંસારી ઉપરાંત ગણેશ દત્ત મિશ્રા, મન્સૂર અંસારી, મોહમ્મદ ઈશા ખાન, શાહિદ લારી, શાકિર લારી, ઝુલ્ફેકાર અને ધર્મેન્દ્ર સોનકર વિરુદ્ધ આચારસંહિતાના ભંગ બદલ બે કેસ નોંધ્યા હતા. શુક્રવારે બંને કેસમાં આરોપ ઘડવાના હતા.

## ટોચના

● અનુસંધાન પહેલાનું ચાલુ

રેટિંગ સાથે સંયુક્ત રીતે છઠ્ઠા ક્રમે છે. આયરલેન્ડના પીએમ લીઓ વરાડકર ૩૪ ટકા રેટિંગ સાથે આઠમા ક્રમે છે. બ્રિટનના પીએમ ઋષિ સુનક ૩૩ ટકા રેટિંગ સાથે નવમા ક્રમે છે જ્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોં તથા જર્મનીના ચાન્સેલર ઓલાફ શોલ્ઝ આ રેટિંગમાં બહુ પાછળ છે. ભારતમાં સંસ્થા દ્વારા પોતાના પ્રતિનિધિઓ થકી વોટિંગ કરાવવામાં આવે છે.